# સમાજમાં સ્ત્રીઓનું સ્થાન અને કાનૂની જોગવાઈઓ

રીન્કુ મુકેશભાઈ દરજી

## ૧. પ્રસ્તાવના

ગમે તે સ્ત્રી હોય તે પોતાની જાતને અનુકુળ બનાવવામાં મથતી હોય છે. જીવનમાં સતત સમાધાન કરીને સ્વભાવ બદલીને પોતાને અનુકુળ કરવા મથતી હોય છે. સ્ત્રી જયારે સુખ માટે સમાધાન કરીને પુરુષને આધીન થઈ જાય છે ત્યારે ખરી સમસ્યા તેના જીવનમાં શરુ થતી હોય છે, આ સમયે તેનું સુખ પોતાના વ્યક્તિગત નહિ પરંતુ પોતાના મનગમતા પુરુષ કે પરિવારને આધીન હોય છે. તે જાણે અજાણે વ્યક્તિઓને એવો અધિકાર આપી દે છે કે, તેઓ તેને દુઃખી પણ કરી શકે છે.

સ્વતંત્ર ભારતના બંધારણે મહિલાઓને એક સમાનતા આપી. સ્ત્રીના રક્ષણ અને હિત બાબતે બંધારણે રાજ્યોને કાયદા ઘડવાની છૂટ આપી. જેને લીધે સ્ત્રીઓ માટે આજે આપના દેશમાં અનેક કાયદાઅઓ ઘડાયા છે અને આ કાયદાઓથી સ્ત્રીને અનેક અધિકાર મળેલા છે.

આજે સ્ત્રીઓ દરેક ક્ષેત્રમાં પોતાનું આગવું સ્થાન ધરાવી રહી છે. છેલ્લા કેટલાક દાયકા ઓમાં આપણા બધાના વિચાર અને વલણમાં ખૂબ જ સકારાત્મક પરિવર્તન આવ્યું છે. પરંતુ તેનો અર્થ એ નથી કે સ્ત્રી અને પુરુષ સમાન થઈ ગયા છે. સમાનતા માટેની હજી લડત બાકી છે. હજુ પણ વિશ્વના ધણા દેશોમાં સ્ત્રીઓ પોતાના હક્ક અને અધિકાર માટે લડી રહી છે. આમાં આપણા દેશ નો પણ સમાવેશ થાય છે. આમાં દુઃખ એ વાત નું છે કે મોટા ભાગ ની સ્ત્રી ઓ પોતાના હક્કો વિશે બરાબર જણાતી નથી.

## ૨. સ્ત્રીઓની કાનૂની જોગવાઈઓ

### *૨.૧ ગુપ્તાતાનો અધિકાર*

સ્ત્રી જીલ્લાની સંહિતાની કલમ-૧૬૪ હેઠળ બળાત્કારનો ભોગ બનેલી સ્ત્રી મેજીસ્ટ્રેટ સમક્ષ પોતાનું નિવેદન નોધાવી શકે છે. ત્યાર પછી કોઈપણ વ્યક્તિને હાજર હોય ત્યારે કેસની સુનાવણી ચાલુ રાખી શકે છે. તેણી ફક્ત પોલીસ અધિકારી અને મહિલા કોન્સ્ટેબલની હાજરી માં નિવેદન નોધાવી શકે છે. પોલીસ અધિકારીઓએ મહિલાની ગુપ્તતા જાળવવી જરૂરી છે. તેમાં તે પણ મહત્ત્વનું એ છે કે બળાત્કાર પીડિતાનું નામ અને ઓળખ જાહેર કરવામાં ન આવે.

### *૨.૨ મફતમાં કાનૂની સહાયનો અધિકાર*

ભારતમાં સામાન્ય રીતે જયારે કોઈ મહિલા પોતાનું નિવેદન નોધાવવા માટે એકલી પોલીસ સ્ટેશન જાય છે ત્યારે તેને તેના નિવેદન આપવાનો ભય રહે છે. એવા ધના કિસ્સા બન્યા છે જેમાં તેણીને અપમાનનો પણ સામનો કરવો પડ્યો હતો. અને ફરિયાદ નોધાવાનો ઈન્કારકર્યો હતો. સ્ત્રી તરીકે જાણવું જોઈએ કે તેમને પણ કાનૂની મદદ મેળવવાનો અધિકાર છે. રાજ્ય સરકારની જવાબદારી છે કે તેમને મફત કાનૂની સહાય પૂરી પાડે છે.

### ૨.૩ બળાત્કાર કે છેડતીની ઘટનાને લાંબો સમય વીતી ગયા પછી પણ ફરિયાદ નોંધાવાનો અધિકાર.

આવા કેસ માં પોલીસ ફરિયાદ નોંધવાની ના પડી શકતી નથી. બળાત્કાર એ ભયાનક ઘટના છે તેમાં સ્ત્રી આઘાત પામે છે. તેથી તે તરત ફરિયાદ ન કરે તે સ્વાભાવિક છે. તેણીને તેની સલામતી અને પ્રતિષ્ઠા માટે દર લાગે છે. આ બાબતને ધ્યાનમાં રાખીને સુપ્રીમ કોર્ટે ચુકાદો આપતા કહ્યું છે કે, બળાત્કાર છેડતીની ઘટના અંગે ઘણો સમય વીતી ગયા પછી પણ એક સ્ત્રી તેની સામે જાતીય ગુનાનો કેસ દાખલ કરી શકે છે.

### ૨.૪ સલામત કાર્યસ્થળનો અધિકાર

પ્રત્યેક કાર્યસ્થળ પર જાતીય સતામણીની ફરીય સમિતિની રચના કરવી એ એમ્પ્લોયર ન ફરજ છે. સુપ્રીમકોર્ટની ગાઈડલાઈન પ્રમાણે એ પણ જરૂરી છે કે,સમિતિની અધ્યક્ષતામાં એક મહિલાનો સમાવેશ થવો જોઈએ. ત્યારબાદ સમિતિની એક સભ્ય મહિલા કલ્યાણ જૂથની હોવી જોઈએ. તે કાયમી કર્મચારી છે. કે નહિ તેનાથી કોઈ અસર થતી નથી. કોઈ મહિલા પાર્ટટાઈમ કર્મચારી તરીકે ઓફિસમાં આવતી હોય. તે મહિલાની પજવણી કરવામાં આવે તો પણ તે આ સમિતિ સમક્ષ ફરિયાદ નોંધાવી શકે છે. આ રીતે પજવણી નો ભોગ બનેલી વ્યક્તિ ત્રણ મહિનાની અંદર ફરિયાદ સમિતિ માં લેખિતમાં નોંધાવી શકે છે. જે કંપનીમાં દસ કે તેથી વધુ કર્મચારી હોય અને તેમાં માત્ર એક મહિલા હોય તો કંપનીમાં આ સમિતિની રચના કરવી જરૂરી છે. જ્યાં આ સમિતિ હાજર ન હોય અથવા તો એમ લાગે કે આ સમિતિ મારો બચાવ કરી શકશે નહિ. તેવા સમયે તમે જિલ્લાકક્ષાએ તમે હાજર સ્થાનિક ફરિયાદ સમિતિનો સંપર્ક કરી શકો છો. તમારા વતી અન્ય વ્યક્તિ પણ ફરિયાદ કરી શકે છે.

### ૨.૫ શૂન્ય એફઆરઆઈનો અધિકાર

મેઈલ દ્વારા ફરિયાદ નોંધાવવાનો વિશિષ્ટ અધિકાર છે. કોઈ કારણસર મહિલા પોલીસ સ્ટેશન શકતી નથી તેવા સંજોગોમાં તે પોલીસ નાયબ કમિશનર અથવા પોલીસ કમિશનરના વરિષ્ઠ પોલીસ અધિકારીને સંબોધીને લેખિત ફરીયાદ મોકલી શકે છે. બળાત્કારનો ભોગ બનેલી મહિલા કોઈ પણ પોલીસ સ્ટેશન પર ઝીરો એફઆરઆઈ હેઠળ ફરિયાદ નોંધાવી શકે છે.

### ૨.૬ ઘરેલુ હિંસાથી બચવાના અધિકાર

લગ્ન તૂટી ન જાય તે માટે ભારતીય મહિલા અવાજ ઉઠાવ્યા વિના ઘરેલું હિંસા નો ભોગ બનતી હોય છે. કાયદામાં પણ દહેજ સબંધિત હિંસાની વાત કરી છે. તેમાં દહેજ આપવા લેવા અને દહેજ માગવા બદલ પણ શિક્ષા આપવામાં આવે છે. આ ગુના બદલ નોંધવામાં આવેલ એફઆરઆઈ બિનજામીનપાત્ર ગુનો બને છે. આ ઉપરાંત શારીરિક, મૌખિક, આર્થિક, જાતીય, અથવા અન્ય કોઈ પ્રકારના ગેરવર્તન ગુનો બને છે. મહિલા સરક્ષણ દ્વારા મહિલાઓને યોગ્ય સ્વાસ્થ્ય સંભાળ, કાનૂની સહાય, સલાહ અને આશ્રયસ્થાન સબંધિત બાબતોમાં પણ મદદ કરવામાં આવે છે.

### ૨.૭ ઈન્ટરનેટથી સલામતીનો અધિકાર

સ્ત્રીની મરજી વિરુદ્ધ ઈન્ટરનેટ પર ફોટો કે વિડીઓ મોકવો તે ગુનો છે.કોઈ અન્ય રીતે ઈન્ટરનેટ અથવા વ્હોટસએપ પર મુકેલા અપમાનજનક કે ખરાબફોટા અથવા વિડીઓ મુકવા તે સ્ત્રી માટેની ખૂબજ દુઃખી અને શરમજનક બાબત છે. જે વેબસાઈટનો ઉપયોગ થયેલ છે. તેનો સંપર્ક કરી જેને જે સ્ત્રીનો ફોટો કે વિડીઓ શેર કર્યો છે,તે વેબસાઈટ

કાયદાને આધીન છે.તેનો અમલ કરવા માટે પણ બંધાયેલ છે.તે માટે કોર્ટમાંથી માની હુકમ મેળવી શકો છો. જેથી તમારા વિડીઓ કે ફોટો આગળ શેર થતા અટકી જાય સંમતી વગર ફોટા દોરવા કે શેર કરવા તે કાયદામાં ગુનો માનવામાં આવે છે.

### *૨.૮ સમાન પગાર*

કાયદા દ્વારા સમાન કામ માટે સ્ત્રીઓ અને પુરુષોને સમાન વેતનની ચુકવણીની જોગવાઈ કરે છે. આ રીતે ભરતીની શરતોમાં પણ સ્ત્રીઓ સામે લિંગના આધારે જે ભેદભાવ થાય છે. તે રોકવાનો પ્રયત્ન કરવામાં આવે છે.

### *૨.૯ સ્ત્રી*

લૈંગિક પસંદગી પ્રતિબંધ અધિનિયમ,૧૯૯૪ અંતર્ગત પહેલા અથવા પછે જાતિની પસંદગી પર પ્રતિબંધ મુકવામાં આવે છે. આ કયદો આ કાયદો સ્ત્રી ભ્રૂણહત્યાને દામવા માટે પ્રસૂતિ પહેલા લૈંગિક નિર્ધારણ તપાસ પર પ્રતિબંધ કરે છે સમાજમાં જે ભ્રૂણહત્યા હત્યા થાય છે તેને રોકવા માટે આ કાયદો વધુ અસરકારક નીવડે છે.

## ૩. સમાજમાં સ્ત્રીઓનું સ્થાન

આદિ-અનાદી કાળથી નારીને 'નારાયણી' અર્થાત 'નારાયણ'નું એક સ્વરૂપ ગણવામાં આવતી.પ્રાચીનકાળમાં સ્ત્રીઓ સમાજમાં પૂજનીય અને વિશિષ્ટ સ્થાન ભોગવતી સમય જતા તેનું આ સ્થાન જોખમમાં મુકાતું ગયું તેની સાથે સાથે પુરુષપ્રધાન વ્યવસ્થા સ્વીકારી લીધી.અને બધાજ દેશોમાં આજ સ્થિતિ રહી એક એવો સમય આવ્યો જેમાં સ્ત્રીઓ સમાજ માં વિશિષ્ટ સ્થાન ભોગવતી સ્ત્રી વિદ્યાભ્યાસ પણ કરતી અને વિદૂષી પણ હતી.એક સમય એવો પણ આવ્યો જ્યાં સ્ત્રીનું સ્થાન નીચું થતું ગયું.સ્ત્રીને એક સંપતિ માનવામાં આવી પ્રાચીન સમયથી આધુનિક સમય તરફ જતા સ્ત્રીનું સ્થાન ક્યારેક ખૂબ ઊંચા દરજ્જા પર તો ક્યારેક ખૂબ નીચા દરજ્જા પર રહેતું ગયું છે.

આ બધા કાયદાઓ હોવા છતાં, સામાજિક,આર્થિક,રાજકીય અને કાયદાકીય ક્ષેત્રે સ્ત્રીઓના હકોમાં હકીકતમાં દેખીયેતો સંવિધાને આપેલી સમાનતા મળેલ નથી.આ માટે ઘણા બધા કારણો જવાબદાર છે.આપણો સમાજ પિતૃપ્રધાન છે, તેમાં આપણા સમાજને મોડર્ન કહીએ છીએ, પરંતુ રૂઢીચુસ્ત પ્રણાલિકાઓ માંથી બહાર આવ્યા નથી.સમાજ હજુ મહિલાઓને હજુ કચડાયેલો વર્ગ તરીકે ગણે છે.મહિલા પોતાનું આગવું અસ્તિત્વ ધરાવે તે વાત હજુ સમાજ સ્વીકારતો નથી. મહિલાએ આજે દરેક ક્ષેત્રમાં પ્રગતિ કરી હોવા છતાં સશક્તિકરણના અનેક કાર્યક્રમો કરવા થાય છે. રાજ્ય સરકારની સુકન્યા જોગવાઈ તથા બેટી પઢાઓ અને બેટી બચાઓના કાર્યક્રમ હેઠળ સ્ત્રીને સશક્ત બનવાની ઝૂંબેશ ચાલે છે.આ બધા કાયદાઓથી સ્ત્રીને અધિકાર મળેલ છે તે ત્યારે જ સશક્ત કરી શકે છે. જયારે સમાજમાંથી આ અંગે મદદ મળી શકે તેવું વાતાવરણ મળી રહેશે.

ધાર્મિક દ્રષ્ટિએ જોઈએ તો સ્ત્રીઓ બધુંજ સહન કરી લેતી હોય છે.પરંતુ તે જયારે અંદરથી હારી જાય છે ત્યારે ધર્મનો આધાર લે છે. તેમાં કથાઓ, હવન, ઉપવાસ, વ્રત વગેરેમાં સ્ત્રીઓનો ફાળો હોય છે.સ્ત્રીઓ ધર્મ સાથે જોડાય ત્યારે પણ તેને ધર્મના અનુયાયીઓ દ્વારા તેનું શોષણ થતું હોય તેવા કિસ્સા સાંભળવામાં આવે છે.

શિક્ષણની બાબતમાં પણ સ્ત્રી આજે પુરુષ સમોવડી થવા લાગી છે.ત્યારે તે પ્રાથમિક શિક્ષણથી ઉચ્ચશિક્ષણ મેળવવા માટે તે એક દેશથી બીજા દેશમાં જાય છે.ત્યારે પણ તેના ગુરુ ધ્ધ્રારા તે શોષણનો ભોગ બને તેવું પણ સાંભળવામાં આવે છે.

રાજકીય દ્રષ્ટીએ પણ સ્ત્રીઓ ઘર ચલાવવાની સાથે સાથે દેશ પણ ચલાવી શકે છે.ત્યારે પણ રાજકીય પક્ષકારો ધ્ધ્રારા તેને શોષણ નો ભોગ બનવું પડે છે.તેવા સમાજમાં કિસ્સાઓ સામે આવે છે.

સામાજિક દ્રષ્ટિએ સ્ત્રીઓ મોર્ડન બની છે.પરંતુ અંદરથી તે રૂઢિગત ચાલી આવતી પ્રનાલીકાઓનો ભોગ બની છે.સ્ત્રી ભ્રૂણહત્યા આજે જોઈએ તો તે નાબુદ થવા લાગી છે.પરંતુ સમાજમાં મોભો ધરાવતી વ્યક્તિઓ દ્ધારા પણ સ્ત્રી ભ્રૂણહત્યા પડદા પાછળ થતી જોવા મળે છે.તેવા કિસ્સાઓ સાંભળવામાં આવ્યા છે. સ્ત્રીના પ્રશ્નો જાણવા સમજવા આપણે જાતેજ સ્ત્રીની નજરથી વિચારવું જોઈએ. સામાજિક વ્યવસ્થામાં જુઓ દીકરી મા-બાપના ઘરે બંધનમુક્ત જીવન જીવે છે. કોઈ છોડને મૂળમાંથી ઉખાડી નાખવામાં આવે તેમ દીકરીને સાસરે વળાવી નાખવામાં આવે છે.તેમાં પારકા ને પોતાના કરવામાં પોતાનું અસ્તિત્વ ભૂલી જાય છે.

**સંદર્ભસૂચી**

1. www. livehindustan.com
2. www.hindukiduniya.com
3. hindikiduniya
4. sandesh.com
5. sandesh.com
6. vikaspedia.in.